**IMPORTANT NOTICE – TERMS & CONDITIONS OF SALE AND USE:** By opening and using these seeds, you agree to the following terms. If you do not accept, return the unopened package with proof of purchase for a full refund. This product is licensed for planting only in approved regions. The resulting crop may only be used for food, feed, or processing. **RISK OF NON-PERFORMANCE:** Seed performance may be affected by factors beyond Arino Seeds Private Limited (ARINO) control (e.g., weather, pests, diseases, soil, planting practices). The buyer assumes all such risks. **LIMITATION OF WARRANTIES & LIABILITY:** ARINO warrants only that the seed matches the label description within legal tolerances. No other warranties (express or implied) are given. ARINO is not liable for incidental or consequential damages. Remedies are limited to seed replacement or refund, at ARINO's discretion. Claims must be reported within 30 days of discovery or before harvest, whichever is earlier, and submitted directly to ARINO. Terms may only be changed in writing by ARINO's authorized representative.

**PRODUCED BY: ARINO SEEDS PVT. LTD.,**
SURVEY NO-456/3,OPP.KISHAN CATTEL FEED,GUNDALA ROAD GONDAL-Gujarat GST No.24AAHCA4166H2ZR Phone: +91 88588 81981.Website:https://www.arinoseeds.com/home

# મેથી ની વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિની માર્ગદર્શિકા

### (૧) વાવણી સમય, બિયારણનો દર અને વાવણીનું અંતર :

| અ.નં. | વાવણી સમય સિજન | જાત | બિયારણનો દર | વાવણીનું અંતર |
|---|---|---|---|---|
| | **સમયસર ની વાવણી** | | | |
| ૧ | ખરીફ + રબી (૧-૧૫ નવેમ્બર) સિજન | અરીનો - મેંથો જેન્થો | બીજ માટે – ૪.૫-૫ કિલો પ્રતિ વીઘા. લીલા પાંદ માટે-૨૦ કિલો પ્રતિ વીઘા. | **વાવણીનું અંતર:** હાર વચ્ચે ૨૦ સેમી અને છોડ વચ્ચે ૧૫ સેમી અથવા ૨૦-૩૦ સેમી x ૧૦-૧૫ સેમી. **વાવણી પદ્ધતિ:** લીલા પાંદડાના ઉત્પાદન માટે, પૂંખીને વાવણી કરવાની પદ્ધતિનો ઉપયોગ કરો. બીજના ઉત્પાદન માટે, એકસમાન છોડની સંખ્યા અને આંતરખેડની કામગીરીમાં સરળતા માટે હારમાં વાવણી પસંદ કરવામાં આવે છે. |

**નોંધ : મેથી ના સારા ઉગાવા માટે ઠંડુ અને સૂકુ હવામાન જરૂરી છે.મહતમ તાપમાન ૩૦ સે.ગ્રે. થી વધુ ન હોય ત્યારે જ વાવેતર કરવું.**

### (૨) બીજની માવજત :

| અ.નં. | બીજની માવજત | જથ્થો | આપવાનો સમય |
|---|---|---|---|
| **રાસાયણિક / જૈવિક નિયંત્રણ** | | | |
| ૧ | ફૂગજન્ય રોગ માટે મેટાલેક્ષિલ + થાયરમ ૩-૪ ગ્રામ પ્રતિ કિલો | ૧ કિલો | ૩ થી ૪ ગ્રામ/કિલો મુજબ પટ આપી બિયારણ ને આખી રાત સૂકવી ઉપયોગ કરવો. |
| | **નોંધ-વાવણી પહેલા બીજને ૮ કલાક પાણીમાં પલાળી કોરું કરી વાવેતર કરવાથી સારો અને જડપી ઉગાવો થાય છે.** | | |

### (૩) સેન્દ્રિય / રાસાયણિક ખાતર નો જથ્થો અને આપવાનો સમય :

| અ.નં. | સેન્દ્રિય / રાસાયણિક ખાતર | જથ્થો (કિ.ગ્રા./વીધા.) | આપવાનો સમય |
|---|---|---|---|
| ૧ | છાણિયું ખાતર | ૧૦ ટન/હે | પ્રથમ ખેડ વખતે |
| ૨ | ડીએપી (ના:ફો:પો) | ૧૦ કિલો | (ના:ફો:પો) (૧૮:૪૬:૦૦) પાયામાં આપવું. |
| ૩ | યૂરીયા (ના:ફો:પો) | ૫ કિલો | (ના:ફો:પો) (૪૬:૦૦:૦૦) પાયામાં આપવું. |
| ૪ | પોટાશ (એમ.ઓ.પી.) | ૫ કિલો | મ્યૂરેટ ઓફ પોટાશ ૬૦% પાયામાં આપવું. |
| ૫ | સલ્ફર ફાડા | ૨ કિલો | સલ્ફર ફાડા ૯૦% પાયામાં આપવું. |
| **નોંધ – ઉપરોક્ત ખાતર મીક્ષ કરીને પાયામાં વાવવું. પૂર્તિ ખાતર વાવણી પછી ૩૦ દિવસે ૧૦ કિલો યૂરીયા પ્રતિ વીઘા આપવું.** | | | |

**(૪) નીંદામણ :**

| અ.નં. | નીંદણનાશક દવાનું નામ | જથ્થો (કિ.ગ્રા./હે.) | આપવાનો સમય |
|---|---|---|---|
| ૧ | પેન્ડીમિથાલીન | ૧ કિગ્રા સક્રિય તત્વ/હેક્ટર | પોસ્ટ ઈમરજન્સ (પૂરતા ભેજ માં વાવણી પહેલા અને મેથી ઊગે તે પહેલા છાંટવી) |

**નોંધ શેઢાપાળા-ઢાળીયાને નિંદણમુકત રાખવા. નિંદણમુકત બીજ વાપરવું, ઉભા પાકમાં આાંતર ખેડ કરવી, હાથથી નિંદામણ કરવું.વધુ પડતી વાનસ્પતિક વૃદ્ધિ કે વિકાસમાં નબળા દેખાય તેવા વિજાતીય કે શંકાશીલ લાગતા તમામ છોડ ઉપાડી ખેતર માંથી દૂર કરવા. તેમજ પેન્ડીમેથાલીન નો ઉપયોગ કરવો.**

**(૫) પિયત :**

**પહેલું પિયત વાવણી વખતે જયારે બીજા પિયત જરૂર મુજબ પંદર થી વીસ દિવસના અંતરે આપવા. વધુ ઉત્પાદન લેવા માટે મેથીના પાકને ૫ થી ૭ પિયત આપવા જરૂરી છે. મેથીના પાકને ફૂવારા પદ્ધતિ એ પિયત આપવાથી ૩૪% વધુ ઉત્પાદન મળે છે. ઉપરાંત પાણીનો પણ ૨૮% બચાવ થઇ શકે છે. મેથીનું ઉત્પાદન ન ઘટે તે માટે ફુલ આવવા, શીંગ આવવી, દાણા બેસવાની શરૂઆત થવી અને દાણાનો વિકાસ થવાની અવસ્થાએ ચોકકસ પિયત આપવું. પાકને ભૂકી-છારા રોગથી બચાવવા માટે વાદળછાયા કે ઝાકળ વાળા વાતાવરણમાં પિયત આપવું ઇચ્છનીય નથી.**

**નોંધ- ઉપરોક્ત પિયતની કટોકટીની અવસ્થાઓ પૈકી કોઈ પણ એક અવસ્થાએ પિયત ચૂકી જવાથી ઉત્પાદનમાં સાર્થક ઘટાડો થાય છે.**

**(૬) પાક સંરક્ષણ :**

| રોગ/જીવાત નું નામ | નિયંત્રણ ના પગલાં |
|---|---|
| **રોગ / જીવાત** | |
| ૧- ભુકી-છારો કે સફેદ ફૂગ | વાવણી બાદ ૪૦ થી ૪૫ દિવસે થતા પહેલા ૩૦૦ મેશ ગંધકની ભુકી ૨૫ કીલો/હેકટરે ઝાકળના સમયે છાંટવી, રોગના વધુ ઉપદ્રવમાં ૧૦ લીટર પાણીમાં ૨૫ ગ્રામ દ્રાવ્ય ગંધકનો ઝાકળ ઉડી ગયા પછી છટકાવ કરવો. |
| ૨.મોલોમશી, તડતડીયા, થ્રીપ્સ: | ૧૦ લીટર પાણીમાં ૧૦ મીલી મિથાઇલ-ઓ-ડીમેટોન અથવા ૧૨ મીલી ફોસફામીડોન દવાનો છંટકાવ કરવો. |
| ૨. ઉધઇ | ખેતરમાંથી ઉધઇના રાફડાઓનો નાશ કરવો, ઊંડી ખેડ કરવી, વાવતા પહેલા ૧૦ કિલો બીયારણ દીઠ ૫૦ મીલી એન્ડોસલ્ફાઇન (૩૫% ઇ.સી.) અથવા કલોરપાઇરીફોસ (૨૦%ઇ.સી.) દવા અડધા લીટર પાણીમાં મિક્સ કરી પટ આપવો. |

**(૭) કાપણી અને સંગ્રહ :**

કાપણી કરતી સમયે પાકની સાથે રોગિષ્ટ છોડ કે નીંદામણની કાપણી કરવી નહીં. કાપણી કરેલ છોડને સાફ કરેલ ખળામાં લાવી,સુર્યના તાપમાં ૪ થી ૫ દિવસ સુધી સુકાવ્યા બાદ થ્રેસરનો ઉપયોગ કરી દાણા છૂટ્ટા પાડવા.થ્રેસીંગ સમયે મેથી ની અન્ય જાતનું મિશ્રણ ન થાય તેની ખાસ કાળજી રાખવી. બિયારણના જથ્થાને સાફસુફ કરીને ગ્રેડિંગ કરવું.બીજના જથ્થાને શણના નવા કોથળામાં ભરી જ્યાં જીવાતનો ઉપદ્રવ ન હોય તેવા ગોડાઉનમાં સંગ્રહ કરવો. સંગ્રહ વખતે બીજમાં ૯ ટકાથી વધુ ભેજ ન રહે તેની ખાસ કાળજી રાખવી.

ARINO SEEDS